ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૨૨/૧૯–૨૦/ 3709 તારીખ: 26 OCT 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી નાગજીભાઈ જેરામભાઈ ભોજાણી**
બારપરા, મોટી શેરી,
બંદર રોડ, મુ. મહુવા,
**જી.ભાવનગર.**
**મો.નં. ૮૦૦૦૨ ૫૮૩૨૨**

કેસ નં.૧૨૨/૧૯–૨૦

**વિષય : વિજ કનેકશનન કપાઈ જવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૯/૧/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૫/૧/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૨/૧૯–૨૦/૩૭૧ તા.૨૦/૧/૨૦૨૦.
(૩) આપનો પત્ર તા.૧૪/૨/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૦/૨/૨૦૨૦.
(૪) આપનો પત્ર તા.૩/૩/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૫/૩/૨૦૨૦.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૨/૧૯–૨૦/૨૭૮૫ તા.૧૭/૦૮/૨૦૨૦.
(૬) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૨/૧૯–૨૦/૩૨૬૭ તા.૧૯/૯/૨૦૨૦.
(૭) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૨/૧૯–૨૦/૩૪૯૫ તા.૮/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૦/૧૦/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ... ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી, મહુવા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

**ગ્રાહક ફરિયાદ** નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.**લિમીટેડ**, ઝોનલ ઓફિસ,
"**વીજ સેવા સદન**", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર –૧૨૨/૧૯–૨૦** ☜

વાદી :– **શ્રી નાગજીભાઈ જેરામભાઈ ભોજાણી**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– ૨૦/૧૦/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી નાગજીભાઈ જેરામભાઈ ભોજાણી** – (વાદી ગેરહાજર)

પ્રતિવાદી :– **શ્રી એમ.કે.ભીંગરાડીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી નાગજીભાઈ જેરામભાઈ ભોજાણી, મું. મહુવા, જી.ભાવનગર ની વિજ કનેકશન કપાઈ જવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૨૨/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૨/૧૯–૨૦/૩૭૧ તા.૨૦/૧/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૭/૦૭/૨૦૨૦, તા.૨૭/૦૮/૨૦૨૦ તા.૩૦/૦૯/૨૦૨૦, તા.૨૦/૧૦/૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી નાગજીભાઈ જેરામભાઈ ભોજાણી અથવા તેમના પ્રતિનિધિ ઉપરોક્ત તારીખ ના રોજ ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.કે.ભીંગરાડીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો,વાદી શ્રી નાગજીભાઈ જેરામભાઈ ભોજાણી, બારપરા, મોટી શેરી, બંદર રોડ, ગામ–મહુવા, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ હું મારી જમીન પર સર્વે નંબર–૩૮૩/૧ પૈકી ૩ મહુવામાં દોરી વણાટકામ માટે મજૂરીથી આ ધંધો કરતો હતો.

૧.૩ ૩ વર્ષથી મને પીજીવીસીએલ, મહુવા કચેરી તરફથી ૨૦ હો.પા. નું કનેકશન મળેલ. પરંતુ, ૪ માસ અગાઉ મારૂં આ કનેકશન અમોને કોઈ પણ લેખિત જાણ કર્યા વગર કાપી નાંખેલ છે.

૧.૪ અમો, મહુવા પીજીવીસીએલ કચેરીના અધિકારીશ્રી ને મળેલ તેઓએ મૌખિક જવાબમાં કહેલ કે, આપની જમીન બિન ખેતી થયેલ નથી માટે આ કનેકશન કાપી નાખેલ છે. મહુવા આસપાસના વિસ્તારના અંદાજીત ૧૦ કનેકશન કાપી નાંખેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૫ વધુમાં જણાવવાનું કે, મારો આ મજૂરી કામનો ધંધો પર્યાવરણ, હવા, પાણી કે જમીન ને નુકશાન કે પ્રદુષિત કરતો નથી. તો આવા સંજોગોમાં મારે મારી જમીન ખરેખર NA કરવાની જરૂરીયાત છે ?

૧.૬ મારા આ મજૂરી કામ અંગેના ધંધા સંબંધિત (વિજ કનેકશન) સમસ્યાનો યોગ્ય ઉકેલ મળે અને હું મારો ધંધો ફરી ચાલુ કરી શકુ અને મને રોજગારી મળી રહે તો, આ અંગે ઘટતી કાર્યવાહી થાય તે માટે યોગ્ય થવા સારૂં એ આશા આપની પાસે રાખુ છું.

☛ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ વાદી નું નામ – શ્રી નાગજીભાઈ જેરામભાઈ ભોજાણી

ગ્રાહક નંબર – ૩૭૧૦૪/૧૨૧૪૦/૪

કેટેગરી – NRGP

લોડ – ૧૫ હો.પા.

કનેકશન રીલીઝ – તા.૨/૧/૨૦૧૫

૨.૨ મહુવા ડિવિઝન હેઠળના મહુવા ટાઉન સબ ડિવિઝન હેઠળ વાદી શ્રી નાગજીભાઈ જેરામભાઈ ભોજાણી NRGP કેટેગરી નું વિજ જોડાણ ધરાવતા હતા.

૨.૩ મહુવા ટાઉન સબ ડિવિઝન ઓફીસ દ્વારા સદર અરજી બાબતે તા.૧૮/૪/૨૦૨૦ ના રોજ જવાબ આપેલ છે. વાદી શ્રી નાગજીભાઈ જેરામભાઈ ભોજાણી દ્વારા મહુવા ટાઉન સબ ડિવિઝન ઓફીસમાં દોરડા વણાટ નું NRGP કનેકશન માટે તા.૧૧/૧૧/૨૦૧૪ ના રોજ માંગણી કરેલ.

૨.૪ વાદી દ્વારા સદર NRGP કનેકશન માટે નોટરાઈઝ બાંહેધરી આપેલ કે, '' સર્વે નં–૩૮૩/૧ પૈકી ૩ અમોએ રહેણાંકીય હેતુ માંથી ઔધોગીક – વાણિજય હેતુ માં ફેરફાર કરવા માટે સંબંધિત કચેરીમાં અરજી દાખલ કરેલ છે. જેનો હુકમ આવ્યે, અમો આ હુકમની નકલ આપની કચેરીમાં રજૂ કરીશું. સાથ સદર રહેણાંકીય વિસ્તારમાં અમોને આવું કનેકશન આપ્યા બાદ સદર રહેણાંકીય વિસ્તારના લોકો દ્વારા ભવિષ્યમાં કોઈપણ જાતનો વાંધો લે અથવા કોઈપણ જાતનો વિવાદ ઉદભવે તો આવા સંજોગોમાં પીજીવીસીએલ કંપની દ્વારા અમોને આપવામાં આવેલ કનેકશન બાબતે કંપની જે કોઈપણ નિર્ણય લે તે અમોને તથા અમારા વારસદારોને બંધનકર્તા રહેશે જે બદલ અમો બાંહેધરી આપીએ છીએ.'' પરંતુ, વાદી દ્વારા આજદિન સુધી કોઈ પણ મંજૂરીનો પત્ર મહુવા સબ ડિવિઝન ઓફીસ ખાતે રજૂ કરેલ નથી.

૨.૫ મહુવા ટાઉન સબ ડિવિઝન ઓફીસ દ્વારા વાદી ને સદર રહેણાંકીય હેતુ માંથી ઔધોગીક –વાણિજય હેતુ માં ફેરફાર કરવા માટે નો બિન ખેતી હુકમનામા ની નકલ આપવા તા.૮/૧/૨૦૧૯ ના રોજ પત્ર લખેલ છે.

૨.૬ વાદી દ્વારા રહેણાંકીય હેતુ માટેની પરવાનગી પણ રજૂ કરેલ નથી અને ફકત બિનખેતી ફેરવવા માટેની અરજીની નકલ જોડી અત્રેની કચેરી ને ગેરમાર્ગે દોરવવાનો પ્રયાસ કરેલ છે.

૨.૭ આમ, વાદી દ્વારા આપવામાં આવેલ બાંહેધરી મુજબ પીજીવીસીએલ મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી દ્વારા સદર વાદીનું કનેકશન ઉતારવામાં આવેલ છે.

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી નાગજીભાઈ જેરામભાઈ ભોજાણી, ગામ– મહુવામાં NRGP ટેરીફ હેઠળ ગ્રાહક નંબર–૩૭૧૦૪/૧૨૧૪૦/૪ થી ૧૫ હો.પા. નું ઔધોગીક વિજ જોડાણ ધરાવતા હતા.

૩.૨ પ્રતિવાદી એ વાદી ને બિન ખેતી નો હુકમ વાણિજય હેતુ માટે વિજ જોડાણ રજૂ કરવાની શરતે વિજ જોડાણ આપેલ. તેમજ વિજ જોડાણ લેતા પહેલા વાદીએ નવા વિજ જોડાણ ની અરજી સાથે નોટરાઈઝ સ્ટેમ્પપેપર આપેલ કે, ભવિષ્ય માં કોઈના તરફથી વિજ જોડાણ સામે વાંધો રજૂ કરવામાં આવે તો, વિજ જોડાણ કાપવાને પાત્ર થશે, તેવી વાદીએ સહમતી આપેલ.

૩.૩ પ્રતિવાદી એ વાદી ને તા.૮/૧/૨૦૧૯ ના રોજ બિન ખેતી ના હુકમ ની નકલ રજૂ કરવાનું જણાવેલ. પરંતુ, વાદીએ રજૂ કરેલ નહી.

૩.૪ ભાવનગર જીલ્લા કલેકટર તરફથી પ્રતિવાદી ને બિનખેતી પરવાનગી વગર આપેલ વિજ કનેકશન દૂર કરવા જણાવેલ. જેથી, પ્રતિવાદી એ વાદીનું મીટર તેમજ સર્વિસ દૂર કરી અને વિજ જોડાણ કાપી નાંખેલ.

૩.૫ પ્રતિવાદી એ વાદી એ આપેલ બાંહેધરી ખત મુજબ વાદી એ બિન ખેતી નો હુકમ રજૂ કરેલ ન હોઈ, તેમજ કલેકટરશ્રી ના પત્ર ની સૂચનાઓનું પાલન કરી વાદી નું વિજ જોડાણ કાપી નાંખેલ છે. જેથી, પ્રતિવાદી એ કરેલ કાર્યવાહી યોગ્ય છે. તેમજ ફોરમ દ્વારા વાદીને <u>તા.૨૭/૦૮/૨૦૨૦ તા.૩૦/૦૯/૨૦૨૦, તા.૨૦/૧૦/૨૦૨૦</u> નાં રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ, વાદી હાજર રહેલ નહી. જેથી,આજરોજ એકપક્ષીય હુકમ કરી વાદીની અરજી માન્ય રાખવામાં આવતી નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકિયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :–૨૦/૧૦/૨૦૨૦

Grievance Redressal Forum P.G.V.C.L. BHAVNAGAR